

# રશિયાનો યુક્રેન પર મોટો હુમલો: 11નાં મોત, 53 ઈજાગ્રસ્ત

**હુમલામાં** 11મી સદીની યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સૂચિમાં સામેલ ધાર્મિક જગ્યાને ભારે નુકસાન થયું

**કિવના** રહેણાંક વિસ્તારો અને બજારો પર મિસાઇલો તેમજ ડ્રોન વડે હુમલા કરાયા: ઝેલેન્સ્કી

કીવ, તા. 15 (એપી): રશિયાએ રાત્રિના સમયે યુક્રેનના સૌથી મોટા શહેરો પર સેંકડો ડ્રોન અને ડઝનબંધ મિસાઈલો વડે ભીષણ હુમલો કર્યો હતો, જેમાં ઓછામાં ઓછા 11 લોકોનાં મોત થયાં છે અને એક પ્રખ્યાત ધાર્મિક સ્થળમાં આગ લાગી છે.

યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમીર ઝેલેન્સ્કી અને અન્ય અધિકારીઓએ સોમવારે આ માહિતી આપી હતી. આ હુમલો એવા સમયે થયો છે જ્યારે રવિવારે જ ઝેલેન્સ્કી અને રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિને અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે ફોન પર અલગ-અલગ વાતચીત કરી હતી.

ઝેલેન્સ્કીએ સોશિયલ મીડિયા પર જણાવ્યું કે, આ હુમલામાં 11 નાગરિકો અને કટોકટી સેવાના કર્મચારીઓનાં મોત થયાં છે અને 53 લોકો ઘાયલ થયા છે. પાટનગર કિવમાં 5 લોકોનાં મોત થયાં છે અને 30થી વધુ લોકો ઘાયલ થયા છે, જેમાં 5 અને 6 વર્ષના બે બાળકો પણ સામેલ છે. કિવના રહેણાંક વિસ્તારો અને બજારો પર મિસાઈલો તેમજ ડ્રોન વડે હુમલા કરાયા હતા. બીજી તરફ, રશિયાના સંરક્ષણ મંત્રાલયે દાવો કર્યો છે કે તેમણે કિવ, ખાર્કિવ અને ડિનિપ્રોમાં લાંબી અંતરના ડ્રોન અને મિસાઈલ બનાવવાના સૈન્ય કારખાનાઓને નિશાન બનાવ્યા છે.

આ હુમલામાં કિવમાં આવેલી 11મી સદીની યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સૂચિમાં સામેલ પ્રખ્યાત ગુફાઓની મઠની ધાર્મિક જગ્યાને ભારે નુકસાન થયું છે, જેને ઝેલેન્સ્કીએ ખ્રિસ્તી સંસ્કૃતિ વિરુદ્ધ રશિયાનો મોટો ગુનો ગણાવ્યો છે.

યુક્રેનના હવાઈદળે જણાવ્યા મુજબ, રશિયાએ આખી રાત દરમિયાન 70 મિસાઈલો અને 611 ડ્રોન છોડ્યા હતા, જેમાંથી હવાઈદળે 50 મિસાઈલો અને 582 ડ્રોનને હવામાં જ તોડી પાડ્યા હતા અથવા નિષ્ક્રિય કર્યા હતા. ફ્રાન્સ પ્રમુખે પણ આ હુમલાની નિંદા કરી છે.

# બ્રિટનમાં પણ બાળકો માટે સોશિયલ મીડિયા પર પ્રતિબંધ

**વોટ્સએપ** જેવી મેસેજિંગ એપ્સને આ પ્રતિબંધમાંથી મુક્ત રાખવામાં આવશે

**સોશિયલ** મીડિયા ફીચર્સ બાળકોની માનસિક સુખાકારીને નુકસાન પહોંચાડે છે: પીએમ સ્ટાર્મર

લંડન, તા. 15 (પીટીઆઈ): બ્રિટેનના વડા પ્રધાન કીથ સ્ટાર્મરે સોમવારે એક ઐતિહાસિક જાહેરાત કરતા જણાવ્યું છે કે, બાળકોની ખુશી અને સુરક્ષા માટે 16 વર્ષથી ઓછી ઉંમરના તમામ બાળકો પર સોશિયલ મીડિયા એપ્લિકેશનના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવામાં આવશે.

લંડનમાં વડા પ્રધાનના નિવાસસ્થાનેથી દેશને સંબોધિત કરતા સ્ટાર્મરે કહ્યું કે, એક વડા પ્રધાન અને નાના બાળકોના પિતા તરીકે તેમને આ નિર્ણય યોગ્ય લાગે છે. તેમણે સ્વીકાર્યું કે વિશ્વની સૌથી શક્તિશાળી ટેકનોલોજી કંપનીઓ સામે આ પ્રકારનો પ્રતિબંધ લાગુ કરવો સરળ નહીં હોય, પરંતુ બાળકોનું સ્વાસ્થ્ય અને સુખાકારી સર્વોપરી છે. આ નિર્ણય લાંબી ચર્ચા અને પરામર્શ પ્રક્રિયા બાદ લેવામાં આવ્યો છે, જેમાં એવા વાલીઓનો પણ સમાવેશ થાય છે જેમના બાળકો ટિકટોક, સ્નેપચેટ, ઈન્સ્ટાગ્રામ અને યૂટ્યૂબ જેવી એપ્સની હાનિકારક અસરોનો ભોગ બન્યા છે.

વોટ્સએપ જેવી મેસેજિંગ એપ્સને આ પ્રતિબંધમાંથી મુક્ત રાખવામાં આવશે, પરંતુ ગેમિંગ સેવાઓ અને લાઈવ સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ પર ઉંમરની ચકાસણીની સિસ્ટમ દ્વારા નિયંત્રણો મૂકવામાં આવશે. વડા પ્રધાને ઉમેર્યું કે સોશિયલ મીડિયા ફીચર્સ બાળકોને કલાકો સુધી જકડી રાખવા માટે બનાવવામાં આવ્યા છે, જે તેમની માનસિક સુખાકારીને નુકસાન પહોંચાડે છે અને તેમને ભણવા, રમવા કે સમયસર ઊંઘવા દેતા નથી. આ કાયદો આગામી વર્ષના વસંત ઋતુ સુધીમાં લાગુ થઈ જશે. બ્રિટેન પહેલાં ઓસ્ટ્રેલિયા ગયા વર્ષે ડિસેમ્બરમાં આવો પ્રતિબંધ લાવનાર વિશ્વનો પ્રથમ દેશ બન્યો હતો.

# બોર્ડ ટોપર ચાંદનીના ઘરે જાતે સ્કૂટર ચલાવી પહોંચ્યા મુખ્યમંત્રી

**ફર્નિચર** કામદારની પુત્રી ચાંદની વિશ્વકર્મા આર્મીમાં જોડાવા માંગે છે

ભોપાલ, તા. 15 (PTI): વીઆઈપી પ્રોટોકોલથી હટીને મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવે સોમવારે ભોપાલના ભીમ નગર ઝૂંપડપટ્ટીની સાંકડી અને વાંકીચૂકી ગલીઓમાં ઈલેક્ટ્રિક સ્કૂટર ચલાવીને ધોરણ 12ની સ્ટેટ બોર્ડ ટોપર ચાંદની વિશ્વકર્માને રૂબરૂ મળીને અભિનંદન પાઠવ્યા હતા. યાદવ વિશ્વકર્માના ઘરે પહોંચ્યા હતા, જે ત્યાં સુધીમાં સમગ્ર વિસ્તારનું મુખ્ય કેન્દ્ર બની ગયું હતું.

ફર્નિચર કામદારની પુત્રી ચાંદનીએ મધ્ય પ્રદેશ માધ્યમિક શિક્ષણ મંડળ (એમપીબીએસઈ) દ્વારા આયોજિત ધોરણ 12ની પરીક્ષામાં 98.8 ટકા ગુણ મેળવીને સમગ્ર મધ્ય પ્રદેશમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે.

યાદવે પરિવાર સાથે વાતચીત કરતા થોડો સમય વિતાવ્યો હતો, જે દરમિયાન તેમણે ચાંદનીને તેના ભવિષ્યના લક્ષ્યો વિશે પૂછતાં તેણીએ તરત જ જવાબ આપ્યો, "હું આર્મીમાં જોડાવા માંગું છું."

ચાંદની માટે મુખ્યમંત્રીની મુલાકાત એક લાંબી અને કપરી સફરની સર્વોચ્ચ ક્ષણ હતી, જ્યાં સંસાધનોની અછત હતી પરંતુ દ્રઢ સંકલ્પ ભરપૂર હતો.

મુલાકાતને યાદ કરતાં યાદવે પાછળથી જણાવ્યું હતું કે, "મુશ્કેલ પરિસ્થિતિઓ હોવા છતાં સખત પરિશ્રમ, સમર્પણ અને દ્રઢ સંકલ્પ દ્વારા ચાંદનીએ મેળવેલી સિદ્ધિ રાજ્યના લાખો વિદ્યાર્થીઓ માટે પ્રેરણારૂપ છે."

નાનાએવા ઘરની અંદર વાતાવરણ ગર્વ અને લાગણીઓથી સભર હતું. કારણ કે, મુખ્યમંત્રીએ ચાંદની અને તેના માતા-પિતા સાથે સૌહાર્દપૂર્ણ રીતે વાતચીત કરી હતી, તેમની વાર્તા સાંભળી હતી અને યુવા ટોપરને ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છા પાઠવી હતી. પુત્રી દ્વારા અપાવવામાં આવેલા ગર્વને જોઈને ચાંદનીની માતા વિમલાની આંખોમાં આંસુ આવી ગયા હતા.

# રામ મંદિર દાન વિવાદમાં સીટે તપાસ શરૂ કરી

**ટીમ** મંદિર પરિસરે પહોંચી

અયોધ્યા (યુપી), તા. 15 (પીટીઆઈ) અયોધ્યામાં રામ મંદિર ખાતે દાનના ભંડોળની કથિત ગેરરીતિની તપાસ કરવા માટે રચવામાં આવેલી ત્રણ સભ્યોની વિશેષ તપાસ ટીમ (સીટ) તેની તપાસના ભાગરૂપે સોમવારે મંદિર પરિસર પહોંચી હતી. સૂત્રોએ જણાવ્યું હતું કે, વિશેષ તપાસ ટીમના સભ્યો ગેટ નંબર 11થી મંદિર પરિસરમાં પ્રવેશ્યા હતા. ઉત્તર પ્રદેશ સરકારે શનિવારે શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ દ્વારા સંચાલિત રામ મંદિરમાં દાનની કથિત ઉચાપતની તપાસ માટે ત્રણ સભ્યોની સીટની રચના કરી હતી.

ટ્રસ્ટની વિનંતી બાદ મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના નિર્દેશ પર સીટની રચના કરવામાં આવી હતી, જેણે ખોટી માહિતીને રોકવા અને સત્ય બહાર લાવવા માટે આ જરૂરી ગણાવ્યું હતું. કારણ કે, રામ મંદિરની છબીને ખરડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

## પેજ 3

# ટીવી-અભિનેત્રી સંચિતા ઉગાલેએ પાલઘરમાં આત્મહત્યા કરી



પાલઘર, તા. 15 (PTI) લોકપ્રિય શો 'કુમકુમ ભાગ્ય' અને 'વાગલે કી દુનિયા'માં પોતાની ભૂમિકાઓ માટે જાણીતી ટેલિવિઝન અભિનેત્રી સંચિતા ઉગાલેએ મહારાષ્ટ્રના પાલઘર જિલ્લામાં તેના નિવાસસ્થાને કથિત રીતે આત્મહત્યા કરી લીધી છે. એમ પોલીસે સોમવારે જણાવ્યું હતું. તેણી ૨૨ વર્ષની હતી. એક અધિકારીએ જણાવ્યું કે, ઉગાલેએ રવિવારે સાંજે ૭ વાગ્યાની આસપાસ નાલાસોપારા વિસ્તારમાં આવેલા તેના ઘરે છતના પંખા સાથે કથિત રીતે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી, જ્યારે તે ઘરે એકલી હતી. એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, ''આ ઘટના અંગે જાણ થતાં જ પોલીસની એક ટીમે તરત જ ઘટનાસ્થળનું નિરીક્ષણ કર્યું હતું. અમને ઘટનાસ્થળેથી કોઈ શંકાસ્પદ વસ્તુ મળી નથી અને કોઈ સુસાઈડ નોટ પણ રિકવર થઈ નથી.'' અધિકારીએ જણાવ્યું કે, અભિનેત્રીના પિતાએ અચોલે પોલીસને જણાવ્યું છે કે, તેઓ તેણીના મૃત્યુ માટે કોઈને જવાબદાર ગણતા નથી. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ પરીક્ષણ માટે સરકારી હોસ્પિટલમાં મોકલી આપ્યો છે. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી આ આત્યંતિક પગલું ભરવા પાછળના હેતુની ખાતરી કરવા માટે તપાસ શરૂ કરી છે.

# અરબાઝ ખાનની કારમાં જબરદસ્તીથી ઘૂસ્યો શખ્સ



કોલકાતા, તા. 15: બોલિવૂડ એક્ટર સલમાન ખાનના ભાઈ અને ફિલ્મમેકર અરબાઝ ખાનની સુરક્ષામાં ચૂકનો મામલો સામે આવ્યો છે. કોલકાતામાં એક કાર્યક્રમ દરમિયાન એક શખ્સ જબરદસ્તીથી અરબાઝ ખાનની ઊભેલી કારની અંદર ઘૂસીને બેસી ગયો હતો.

ત્યાર બાદ ત્યાં હાજર સુરક્ષાકર્મીઓએ સતર્કતા દાખવતાં તે શખ્સને ગાડીમાંથી ખેંચીને બહાર કાઢ્યો હતો. આ દરમિયાન સુરક્ષાકર્મીઓ અને તે શખ્સ વચ્ચે ભારે ઝપાઝપી થઈ હતી અને સુરક્ષાકર્મીઓએ તેને માર પણ માર્યો હતો. આ દરમિયાન અરબાઝ પણ ત્યાં અસહજ દેખાયો હતો. આ સમગ્ર ઘટનાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર સામે આવ્યો છે. સોશિયલ મીડિયા પર સામે આવેલા આ વીડિયો મુજબ, આ ઘટના કોલકાતાની છે જ્યાં અરબાઝ ખાન કોઈ ઇવેન્ટના સિલસિલામાં પહોંચ્યો હતો.

# ઉર્મિલા માતંડકરના પૂર્વ પતિ મોહસીન અખ્તરે નિધા ભટ્ટ સાથે લગ્ન કર્યાં




મુંબઈ, તા. ૧૫: અભિનેત્રી ઉર્મિલા માતોંડકરના પૂર્વ પતિ, બિઝનેસમેન અને મોડેલ મોહસિન અખ્તર મીરે તેમના જીવનના એક નવા અધ્યાયની શરૂઆત કરી છે. તેમણે તાજેતરમાં એક ઇન્સ્ટાગ્રામ પોસ્ટ દ્વારા નિધા ભટ્ટ સાથેના તેમના લગ્નની જાહેરાત કરી હતી, જેમાં તેમના અંગત લગ્ન સમારોહની તસવીરોની એક શ્રૃંખલા શેર કરી હતી. આ યુગલે પરંપરાગત નિકાહ કર્યાં હતાં. ત્યાર બાદ નજીકના પરિવાર અને મિત્રોની હાજરીમાં રીંગ સેરેમની યોજાઈ હતી. તેમના આ લગ્ન અભિનેત્રી ઉર્મિલા માતોંડકરથી અલગ થયાના લગભગ બે વર્ષ બાદ થયા છે, જેમની સાથે તેઓ આઠ વર્ષ સુધી લગ્નગ્રંથિથી જોડાયેલા હતા.

# મિથુન ચક્રવર્તીની દત્તક પુત્રી દિશાની તેના બોયફ્રેન્ડ માઇલ્સ સાથે લગ્ન કરશે




મુંબઈ, તા. ૧૫ : મિથુન ચક્રવર્તીની પુત્રી દિશાની ચક્રવર્તીની હવે સગાઈ થઈ ગઈ છે. દિશાનીએ તેના બોયફ્રેન્ડમાંથી મંગેતર બનેલા માઇલ્સ મેન્ટઝારિસ સાથે એક સંયુક્ત પોસ્ટમાં તેમની સગાઈની જાહેરાત કરી હતી. આ કપલ ૬ ડિસેમ્બર, ૨૦૨૬ના રોજ લગ્નના બંધનમાં બંધાવા જઈ રહ્યું છે. માઇલ્સે દિશાનીને કરેલા તેના અદ્ભુત પ્રપોઝલની ઝલક શેર કરી છે. ફોટામાં તે સમુદ્ર કિનારે એક ટેકરી પર દિશાનીને પ્રપોઝ કરતી વખતે ઘૂંટણિયે બેઠેલો જોવા મળે છે. પ્રથમ ફોટામાં માઇલ્સ દિશાનીને પ્રપોઝ કરે છે ત્યારે તે હસતી જોવા મળે છે. તેણે પ્રપોઝલની જગ્યાને બ્લેક-એન્ડ-વ્હાઇટ કાર્પેટ, મીણબત્તીઓ અને ફૂલોથી સજાવી હતી.

# હેલિકોપ્ટર ક્રેશમાં સિંગર ઓલિવર ટ્રીનું મોત



રિયો ડી જેનેરો, તા. 15: સિંગર-સોંગરાઈટર ઓલિવર ટ્રીનું બ્રાઝિલમાં એક હેલિકોપ્ટર ક્રેશમાં મોત થઈ ગયું છે. તેઓ 32 વર્ષના હતા. આ અકસ્માતમાં કુલ છ લોકોએ જીવ ગુમાવ્યા છે. મૃતકોમાં ઓલિવર ટ્રી, આર્જેન્ટિનાના યુટ્યુબર ગેસ્પર પ્રિમ (ગેસ્પી), લુકાસ વિગ્નેલ, લુકાસ બ્રિટો ચાવેઝ અને પાઇલટ એલેક્ઝેન્ડ્રે સુઝા તેમ જ ચાર્લ્સ માર્સિલેક સામેલ હતા. અકસ્માત સમયે ઓલિવર ટ્રી ઇન્ટરનેશનલ ટૂર પર હતા. તેમણે 6 જૂને સાઓ પાઉલોમાં પરફોર્મ કર્યું હતું અને 1 જુલાઈએ લિસ્બનમાં પરફોર્મ કરવાના હતા. તેમના સ્પેન, ઓસ્ટ્રિયા, યુનાઇટેડ સ્ટેટ્સ અને ચીનમાં પણ શો હતા. ઓલિવર ટ્રી તેમના અલ્ટરનેટિવ, પોપ અને ઇલેક્ટ્રોનિક મ્યુઝિકના મિશ્રણ માટે જાણીતા હતા. તેમને 'લાઈફ ગોઝ ઓન' અને 'મિસ યુ' જેવા ગીતોથી વિશ્વભરમાં ઓળખ મળી હતી. રિપોર્ટ અનુસાર, આ અકસ્માત રવિવારે રિયો ડી જેનેરોમાં થયો હતો, જ્યારે બે હેલિકોપ્ટર હવામાં અથડાયા હતા. ટક્કર બાદ બંને એરક્રાફ્ટ ક્રેશ થઈ ગયા હતા.



ગ્રીસના થેસ્સાલોનિકીમાં આવેલા એરિસ્ટોટેલસ સ્ક્વેર ખાતે એક નવો ગિનેસ વર્લ્ડ રેકોર્ડ સ્થાપવા માટે, ૮૦૦થી વધુ સહભાગીઓએ એકસાથે સુમેળ સાધીને 'ઝેઈબેકિકો' - જે એક પરંપરાગત ગ્રીક સોલો નૃત્ય છે - રજૂ કર્યું હતું.

# મોદીની વિદેશ પ્રવાસની 'સેન્ચુરી'

**2014માં** ભૂટાનથી શરૂ થયેલી સફર 78 દેશો સુધી પહોંચી; ત્રીજા કાર્યકાળનો આ 24મો પ્રવાસ

નવી દિલ્હી, તા. 15 (પીટીઆઈ): વડા પ્રધાન નરેન્દ્ર મોદીનો હાલનો ફ્રાન્સ અને સ્લોવાકિયાનો સપ્તાહભરનો પ્રવાસ તેમના વડા પ્રધાન તરીકેના કાર્યકાળનો 100મો વિદેશ પ્રવાસ બન્યો છે.

વડા પ્રધાન કાર્યાલયની માહિતી મુજબ, મે 2014માં સત્તા સંભાળ્યા બાદ મોદીએ અત્યાર સુધી 78 દેશોની મુલાકાત લીધી છે.

મોદીનો વડા પ્રધાન તરીકેનો પ્રથમ વિદેશ પ્રવાસ 15-16 જૂન 2014 દરમિયાન ભૂટાનનો હતો, જ્યારે બીજો પ્રવાસ તે જ વર્ષે બ્રાઝિલમાં યોજાયેલી બ્રિક્સ સમિટમાં ભાગ લેવા માટેનો હતો. 26 મે 2014ના રોજ વડા પ્રધાન બન્યા બાદ મોદી 2019 અને 2024માં ફરીથી ચૂંટાઈ આવ્યા હતા.

પ્રથમ કાર્યકાળ દરમિયાન મોદીએ કુલ 49 વિદેશ પ્રવાસ કર્યા હતા. બીજા કાર્યકાળમાં તેમનો પ્રથમ પ્રવાસ જૂન 2019માં માલદીવ અને શ્રીલંકાનો હતો અને આ કાર્યકાળ દરમિયાન તેમણે કુલ 27 વિદેશ પ્રવાસ કર્યા હતા.

ત્રીજા કાર્યકાળમાં તેમનો પ્રથમ વિદેશ પ્રવાસ જૂન 2024માં ઈટાલીનો હતો. આ વર્ષે મે મહિનામાં તેમણે યુએઈ, નેધરલેન્ડ્સ, સ્વીડન, નોર્વે અને ઈટાલીની મુલાકાત લીધી હતી.

13 જૂનથી શરૂ થયેલો હાલનો પ્રવાસ 18 જૂને પૂર્ણ થશે અને તે ત્રીજા કાર્યકાળનો અત્યાર સુધીનો 24મો વિદેશ પ્રવાસ છે. આ પ્રવાસ દરમિયાન મોદી ફ્રાન્સમાં યોજાનારી G7 સમિટમાં ભાગ લેશે તેમજ વૈશ્વિક અને દ્વિપક્ષીય મુદ્દાઓ પર વિવિધ દેશોના નેતાઓ સાથે ચર્ચા કરશે.

# ગૂગલ મેપ્સનો ભરોસો પડ્યો ભારે

**UPમાં** રસ્તો શોધતા પરિવારની કાર ઊંડા નાળામાં ખાબકી!

હાપુડ (યુપી), તા. ૧૫ (પીટીઆઈ) ઉત્તર પ્રદેશના હાપુડ જિલ્લામાં ગૂગલ મેપ્સ પર રસ્તો શોધતા એક પરિવારના પાંચ સભ્યોની કાર ઊંડા નાળામાં ખાબકી હતી. બાદમાં તેઓને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા હતા, જેમાં મહિલાઓ અને બાળકોનો સમાવેશ થાય છે. એમ અધિકારીઓએ સોમવારે જણાવ્યું હતું.

આ ઘટના રવિવારે પ્રીત વિહાર વિસ્તાર પાસે બની હતી જ્યારે ગ્રેટર નોઈડાના દાદરી વિસ્તારના સદ્દીપુરાના રહેવાસી સાહિલ તેના પરિવાર સાથે પાડોશી જિલ્લા મેરઠના કીઠોર ખાતે એક સંબંધીના ઘરે જઈ રહ્યા હતા. અધિકારીઓના જણાવ્યા અનુસાર, દિલ્હી ફાટક ઓવરબ્રિજ પાસેનો એક રસ્તો સમારકામના કામ માટે બંધ હોવાથી પરિવારે ગૂગલ મેપ્સ દ્વારા સૂચવવામાં આવેલા વૈકલ્પિક રસ્તાનો ઉપયોગ કર્યો હતો.

જ્યારે તેઓ આનંદ વિહાર યોજના વિસ્તારમાં પાણી ભરાયેલા રસ્તા પર પહોંચ્યા ત્યારે અંધારાને કારણે સાહિલે એકત્રિત થયેલા પાણીને સામાન્ય પાણી ભરાયું હોવાનું સમજીને ગાડી આગળ વધારી દીધી અને તેમનું વાહન રસ્તાની બાજુના ઊંડા નાળામાં ખાબક્યું હતું.

અધિકારીઓએ જણાવ્યું કે, કારની ઈલેક્ટ્રોનિક સિસ્ટમ બગડી ગઈ હતી, જેના કારણે દરવાજા આપોઆપ લોક થઈ ગયા હતા અને અંદર બેઠેલા તમામ પાંચ લોકો ત્યાં જ ફસાઈ ગયા હતા.

ડાયલ ૧૧૨ દ્વારા એલર્ટ મળ્યા બાદ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને ફાયર વિભાગની મદદ માંગી હતી. ફાયર ફાઈટરોએ અંદાજે બે કલાક સુધી બચાવ કામગીરી હાથ ધરી હતી અને વાહનની બારીઓ તથા અન્ય જગ્યાઓથી તમામ લોકોને સુરક્ષિત બહાર કાઢ્યા હતા.